# વોનબરીએ ૩૦ સપ્ટે. ૦૮માં પૂરા થયેલા ૧૮ માસના પરિણામો જાહેર કર્યા ચોખ્ખુ વેચાણ રૂ. ૩૮૮.૫ કરોડ, ચોખ્ખો નફો રૂ. ૨૯.૮ કરોડ

વોનબરી લિ. જે ઝડપથી વિકાસ પામતી ફાર્માસ્યુટીકલ કંપની છે તેણે ૩૦ સપ્ટે.૦૮માં પૂરા થયેલા ૧૮ માસના પરિણામો જાહેર કર્યા છે. કંપનીનું વેચાણ રૂ. ૩૮૮.૫ કરોડ થયું છે તેમજ ચોખ્ખો નફો રૂ. ૨૯.૮ કરોડ થયો છે. ઈપીએસ રૂ. ૨૦.૫ની છે.

કામકાજ ક્ષેત્રે કંપનીએ ૩.૯૧ ટકાના દરે માર્જીનમાં સુધારો હાંસલ કર્યો છે. એફસીસીબીએસના કારણે કંપનીને વિદેશી હુંડિયામણમાં મોટી ખોટ ગઈ છે. પરિણામે તેના માટે કરવામાં આવેલી જોગવાઈના કારણે માર્જીનમાં ૩ ટકાનો ઘટાડો થયો છે.

ચાલુ વર્તમાન કાળમાં અન્ય આવક ઘટવાના કારણે કંપનીનું નેટ પ્રોફિટ માર્જીન ઘટ્યું છે. ઊંચા વ્યાજ અને ઘસારાની પણ વિપરીત અસર માર્જીન પર થઈ છે. ગત વર્ષે ડીફર્ડ એસેટેની માન્યતા મળવાના કારણે પીએટી માર્જીન ૪ ટકા ઊંચું હતું.

નાણાંકીય વર્ષ ૨૦૦૮ની કામગીરી ગત વર્ષની સાથે તુલનાત્મક નહિ રહે કારણ કે આ વર્ષની કામગીરીમાં છમાસ વધારે છે.

સપ્ટે.૦૮માં પૂરા થયેલા ક્વાર્ટરના અંતે ચોખ્ખું વેચાણ ૬૨ ટકા વધીને રૂ. ૯૨.૭ કરોડ (રૂ. ૫૭.૩ કરોડ) તેમજ ચોખ્ખો નફો ૯ ટકા વધીને રૂ. ૬.૬ કરોડ (રૂ. ૬ કરોડ) થયો છે.